ખ્વાજાના ખજાના.

ખજાનો પેહેલો.

જન્મ, પ્રવાસ, ભકિત, હીંદમાં
પધરામણી, કરામતો વિગેરે.

દોહરો.

મારવાડ મેવાડનું, વધ્યુ ખ્વાજાથી માન,
ઉજવળ થયું અજમેર ને, હરખે હીંદુસ્તાન
હીંદુ હરીદ્વારજ ગણે, મક્કા મુસલમાન,
ધન ધન ધામ અજમેરનો, શોભે સુર્ય સમાન

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,
મુહમ્મદ નિઝામુદ્દીન ચિશ્તી ફારૂકી.
શાહપુર—અમદાવાદ.

સને ૧૩૩૩ હિજરી. ૧૯૧૫ ઇસ્વી.
૧૯૭૧ સવત પ્રત ૫૦૦.

આ પુસ્તક પાંચપટી અમદાવાદમાં આવેલા

શ્રી નિઝામીયા પ્રી. વર્ક્સ [છાપખાના]માં

મી. નિઝામુદ્દીન અમીરૂદ્દીન

કુરેશીએ છાપ્યું.

પ્રસ્તાવના.

ખાજા સાહેબના ઉર્સમાં હવે લાખો માણસ ભેગા થાય છે, તેમાં મારવાડ ને ગુજરાતના લોકોની સંખ્યા વિશેષ હોય છે. માત્ર એક પીરનો જલસો જોવાને લોકો જાય છે, પરંતુ તેમના વિષે ગુજરાતીઓને પુરી માહેતી નથી.

મારા મનમા એક પુસ્તક લખવાની ઘણા દીવસથી ધારણા હતી, પરતુ સંપુર્ણ ભરૂસાદાર ગ્રંથ મગાવાની વાટ જોતો હતો જોગજોગે "જવાહિરે ફરીદી" પુસ્તક વાચતાં તેમનું ચરિત્ર જોવામાં આવ્યુ તે પુસ્તક ફરીદી ખાનદાનનુ છે ને સને ૧૦૩૩ એટલે આજથી ત્રણુસો વર્ષ ઉપર રચાએલુ છે, તે પસંદ પડવાથી તેનું ભાષાતર કર્યું

ખાજા સાહેબ વિષે હજારો પુસ્તકો લખાયા ને લખાતા જાય છે, કાવ્યને સગીતમા પવિત્ર પ્રભુ પ્રેમ સપાદન કરવાને ગાનાર તથા કવિઓની કલમો કામમા લાગેલી છે, પરતુ ગુરજર ભાષામાં ખાજા સાહેબની હકીકતની આ પેહલીજ પોથી છે, મને આશા છે કે વાચનારને તેનાથી લાભ લેનાર મને આશિરવાદ આપતાં અચકાશે નહી. બીજા ખજાનાનુ પુસ્તક ખુદ ખાજાના લખેલા અનીસુલ અરવાહનુ ભાષાંતર હશે, ત્રીજા ખજાનામાં ગાયણુ સાંભળવાને શરેહ પ્રમાણે સિધ કરી આપવામા આવશે. તા. ૨૩ શાબાન ૧૩૩૩.

અહમદાબાદ, લી:—મુહમ્મદ નિઝામુદ્દીન ચિશ્તી ફારૂકી
શાહપુર. અહમદાબાદી શાહપુરી.

ભુગોળ સાર.

ઇરાવતી પર્વતથી વિંધ્યાચળની તલેટી સુધી એટલે સિંધની પૂર્વે અને પંજાબની દક્ષિણે કેટલાક રાજ્ય હતા, તેઓમાં ઉદેપુર, ઉજ્જેન, ઇંદોર, અને અજમેર થોડીક ધરતી વેહેંચી લઇને બેઠેલા હતા, તેઓમાં હાલ બીજા વીશ રાજ્ય ઉમેરાયા છે, હવે આ સમયે હિંદુસ્તાનના આ ભાગને રજપુતાના કહે છે. તેઓના મધ્ય ભાગે અજમેર આવેલુ છે.

ચતુર સીમા.

ઉત્તરે—જયપુર, પૂર્વે—કિશનગઢ,
દક્ષિણે—ઇરાવલી પર્વત અને બુંદી, પશ્ચિમે—સોની નદી.

અજમેર વિષે ઐતિહાસિક માહેતી.

બાદશાહી રાજ્ય વેળાએ અજમેરના સુબાની વસ્તી દોઢ કરોડ માણસની હતી, આ બખતે ત્રણ લાખ ને ત્રણ હજાર છે. હવા પાણી ગરમ અને સુકા, રહેવાસી પેહલા અભણ ને જંગલી સ્થિતીમા હતા. હાલ ડાહ્યા અને સુલક્ષણા, આગ્રેથી અજમેર ૨૨૮ અને દિલ્લીથી ૨૫૮ માઇલ છે.

અજમેરના જુના નામો.

જયેમેર, જેદદ્રગ, જયાનગર, જલોપુર આજથી આશરે પાચ હજાર વર્ષ પેહેલા હિન્દુસ્તાનમા ચતુર-ભૂજ અથવા રાજા યુધિષ્ઠિરનુ રાજ્ય હતું, [illegible] નુ પા[illegible] શ[illegible]ડેર વસાવેલુ જોશી

લોકોએ વર્તારો કર્યો હતો કે સાડા ત્રણ હજાર વર્ષ ઉપર આ શહેર ઉજ્જડ થઇ જશે, તે પ્રમાણે સને ૬૯૭ હિજરીમાં અલાઉદીને પાટણ સર કર્યું.

અનહલદે[illegible]મર્યા પછી સ્વાચા ચોહાણ, મલનસુર એક પછી એક રાજા થ[illegible] તે પછી અજેપાલ ચક્વાને રાજ્ય મળ્યુ, તે વખતથી અજગંધ પર્વત કહેવાયો, અજમેર વસાવનાર એજ અજેપાલ છે, અજેપાલના ચોવીસ કુંવરો હતા જેમણે આ દેશમાં વસ્તી કરી, એનાજ વખતમા સીસતાનના હાકેમ રૂસ્તમ બિન ઝાલ શાહનામાવાળે પોતાના દીકરા ફરામુઝને હિંદુસ્તાન જીતવાને મોકલેલો પણ કંઇ કારણને લીધે તે પાછો જતો રહ્યો.

કેટલોક કાળ વિત્યા પછી સવત ૭૪૦ મા ચોહાણ કુળમાં દુલેરાય રાજા થયો, તે વખતે ઇસલામી સત્તા બની ઉમૈયાના કુળમાં હતી, ને વલીદ બિન અબદુલમલેક અરબનો બાદશાહ હતો

વલીદેરોશનઅલી નામના પોતાના દરમારના એક માનકરીને દુલેગયની પામે મોકલ્યો રોશનઅલી રાજાની સાથે ભોજન લેતા તેના એક વામણને અડયો તેથી તેની આગળી કાપી નાખવામાં આવી આ ખબર વલીદને પોહોચતાં તેણે એક લશ્કર મોકલ્યુ, ને લડાઇ થઇ તેમા દુલેરાય તથા તેનો કુવર મરાયા, અને બડેલી કિલ્લો ઇસલામીઓના હાથ ગયો, ને તારાગઢ ઉપર ઇસલામી વાવટો ચઢયો. સને ૯૫ હિજરી.

કેટલાક વર્ષો પછી અજમેર ફરીથી ચોહાણોના હાથમાં ગયું ને હરસરાજ બીરબેલનથી વિસલદેવ અજમેરનો રાજા થયો, આ

રાજાને મેહમુદ ગઝનવીની સાથે ભારે મિત્રાચારી હતી, ને હિંદુસ્તાનનો આ સર્વોપરી રાજા હતો.

તેણે લશ્કર ભારે ભેગું કરીને મેહમુદની દોસ્તી પર પાણી ફેરવી લડાઇની તૈયારી કરી, સાત દિવસ સુધી યુદ્ધ ચાલુ રહ્યું, ને વિસલદેવ કેદ પકડાયો ને મેહમદે તેને મારી નાખવાનો હુકમ કર્યો. તેણે ઇસલામ કબુલ કર્યો. મેહમુદે તેનુ રાજ્ય પાછું આપ્યું પણ વિસલે તે નહી લેતાં ખુદાની યાદમાં આયુષ્ય ગુજારવાનું જાહેર કરી ઢુંઢા નામની જગ્યાએ જઇને એકાન્ત વાસમા ઇબાદત કરીને આ સંસારનો ત્યાગ કરી પરલોક પામ્યો.

મેહમુદે અજમેર જીતીને સાલાર સાહુકારને સોંપ્યું, તેને પેટે એક પુત્ર જનમ્યો તેનુ નામ મસઉદ પાડ્યું ને તેના નામથી અજમેર પાસે મસઉદઆબાદ શેહેર વસાવ્યુ, વીસ વર્ષ સુધી મુસલમાનોના હાથમાં આ શહેર રહ્યુ તે પછી ચોહાણોએ સાલાર મસુઉદને મારી નાખી અજમેર કબજે કર્યુ, તેમના પછી જેપાલને, જેપાલ પછી આનદદેવ રાજા થયો તેણે પુશકરનુ તળાવ બાંધ્યુ છે, તે પછી સોમેશ્વરનુ રાજ્ય થયુ, તેનો દીકરો પૃથ્વિરાજ થયો

ઇતિહાસિક લેખકો કહે છે કે ચોદ વર્ષની ઉમ્મરે પૃથ્વિરાજ દિલ્લીના રાજ્યાસન ઉપર બેઠો, કનોજવાળો અને પૃથ્વીરાજ અનંગપાળની દીકરીના દીકરા હતા, ને રાજા જયચંદનો પિતા, વજેપાલ તથા સોમેશ્વર અનગપાલ તનુરના જમાઇઓ હતા, અનંગપાલ દિલ્લીનો રાજા હતો, એજ કારણથી ચોહાણ અને રાઠોડોમાં ચઢા ઉતરી થઇ હિંદુસ્તાનનુ સત્યાનાશ થયું.

અજમેરનો ઇતીહાસ.

હિંદુ અવસ્થા—તબકાતે નાસરી, તારીખે ફીરોઝ શાહી, બહાદુર શાહી, પ્રથ્વિરાજ તથા અકબર નામા વિગેરેમાં આવી રિતે લખેલું છે કે ઇસલામી સત્તા સ્થાપન થયા પેહેલાં અજમેરને આજ નામના રાજાએ વસાવેલું, મેર હિંદી ભાષામા પર્વતને કહે છે, તે પછી ચુહાન રાજપુતો અજમેરના રાજા થયા, તે કુળમાં અનક નામનો એક રાજા થયો તેણે સાંભર વસાવ્યું, તેજ વખતે મીઠાની ખાણુ નિકળી આઠ પેઢીઓએ તેના કૂળે રાજ્ય કર્યું તે પછી રાજા અમરસિંગ ગાદીએ બેઠો તેનો દીકરો હંસરાજ રાજા બળદેવસિંગ થયો. આ રાજા ઘણો ક્રૂર અને વ્યભિચારી હતો, એક વખત તે પુશકરમાં ગયો, ત્યાં ગુરજા નામની એક પુજારણુ ઘણી રૂપવંતી હતી, અને ભક્તિને દેવ દર્શનમાં કાળ ગાળતી, તેને જોતાંજ બળદેવસિંગ મોહીત થઇ ગયો, રાત્રે તેને ઘેર જઇને બળાતકારે સંભોગ કર્યો, તે બાઇએ રાજાને શ્રાપ દીધો કે તને સાત દિવસમાં નાગ ડસશે, તું મરી જશે ને ભયંકર ભુતડો થશે, રાજાએ બીજે દિવસે તેની પાસે જઇને માફી માગી તે બાઇએ કહ્યું કે કમાનમાંથી નીકળેલો તીર પાછો ફરે નહી, પરંતુ તેં જે મને રૂતુ-દાન આપેલું છે તેનો પુત્ર થશે ને તે તને સુમાર્ગે દોરશે.

રાજા મરી ગયો તેને બાળતાં એમાંથી એક અગનીનો ભડકો થયો ને માણસનું રૂપ ધારણ કરી બે-ચાર માણસોને ચટ કરી ગયો, તે દરરોજ ચાર ચાર માણસો ખાવા લાગ્યો જેથી અજમેર શેહેર ઉજડ થઇ ગયું, તે મીર પર્વત ઉપર રહેતો અને તેનુ નામ ઢંઢવા

દેવ પડેલું હતું, ગુરજા ગામમાં આવી વસી ને નવ મહીને તેને પુત્ર જનમ્યો, તેનું નામ આના મુક્યું, આસોના શ્રાદ્ધમાં હિંદુઓ પોતાના મા પિતાને સરાવે છે, અનાએ ગુરજાને સરાવવાનું ધારી ઘણી મેહેનતે તેની માએ ખરેખરી હકીકત કહી ને તેનું ઠેકાણું બતાવ્યું તેને ઢઢવો દેવ આવી ભેટયો ને પોતાના દીકરાને ઓળખી તેના બોધથી કાશી ભણી ચાલતો થયો.

અનાએ તેની માલમિલકત ઉપર કબજો કર્યો ને અજમેર વસાવ્યું તે પછી સોમીર રાજા થયો સંવત ૧૧૧૫ માં સોમેરને ઘેર પુત્ર થયો, તેનુ નામ પૃથ્વિરાજ થયું, તે પછી આનંદપાલ દિલ્લીની ગાદીએ બેઠો.

સંવત ૧૨૦૮ બદરી નાથે પૃથ્વિરાય ગયો, ત્યાંથી પોતાના પિતા સોમીરને દિલ્લી ગાદીએ બેસાડયો અને આનંદપાલને પદભ્રષ્ટ કર્યો, ને પોતે પેશાપરે ગયો. ભોળો ભીમ ગુજરાતી પેશાવરથી દિલ્લી આવ્યો, ને ગુજરાતી શુરા લશકરથી સોમીરની સાથે લડી તેને હરાવી મારી નાખી ગુજરાત ભણી પાછો ફર્યો,

પૃથ્વિરાય પાછો આવી રાજ્યાસને બેઠો તે વખતે સુલતાન શાહાબુદ્દીનનો ભાઇ મીર હસન ફૂટેયો બની પૃથ્વિરાયના આશરામા આવ્યો, શહાબુદ્દીને તેની માગણી કરી, આશરામાં આવેલાને નહીં આપવાનું પૃથ્વિરાયે લખી મોકલ્યુ તે ઉપરથી બેઉમા લડાઇ ચાલી સંવત ૧૩૦૦ માં બીકાનેર આગળ લડાઇ થઇ તેમાં શાહાબુદ્દીનની હાર થઇ, ને પકડાઇ ગયો. પાચ દહાડા પછી રાજાએ પોતાના માણુસો સહિત ગજની રવાને કર્યો.

સંવત ૧૩૦૧ માં પાણીપત આગળ બાદશાહ હારીને ફરીથી પકડાયો, ૩૫ દહાડા પછી બાદશાહે આઠ હજાર ઘોડા આપી મુક્તિ મેળવી.

ત્રીજીવાર ફરી બીકાનેર આગળ લડાઇ થઇ ને બાદશાહે હારી ફરી આઠ હજાર ઘોડા આપીને છુટો થયો એવીજ રીતે તે સાત વાર હાર્યો ને નુકસાની આપીને છુટો થયો, આઠમી વખતે રાજા ખાજા સાહેબની ઇતરાજીના કારણે પકડાઈ ગયો બાદશાહે તેને આંધળો કરી દીધો ચાંદ બારોટે આંધળો રાજા તીરના નિશાને બરાબર મારે છે એમ કહી તીર કમાન અપાવી બાદશાહે કહ્યુ નિશાન મારો તેના સાદ ઉપરથી ગજાએ તીર માર્યો જેથી બાદશાહના પ્રાણ ગયા, ને તે પછી ચાદ તથા પૃથ્વિરાય આપઘાત કરીને મુવા.

ખાજા સાહેબનો નસબ (પિત્ર વંશાવળી.)

૧ હઝરત ખાજા મુઇનુદીન ૨ હઝરત ખાજા ગ્યાસુદ્દીન હસન ૩ સૈયદ હુસેન અહમદ ૪ સૈયદ તાહિર, ૫ સૈયદ અબદુલ અઝીઝ ૬ સૈયદ ઇબ્રાહીમ ૭ ઇમામ મેહદી ૮ ઇમામ હસન અસકરી ૯ ઇમામ તકી ૧૦ ઇમામ મુસા રઝા ૧૧ ઇમામ મુસા કાઝિમ ૧૨ ઇમામ જાફર સાદિક ૧૩ ઇમામ મોહમદ બાકિર ૧૪ ઇમામ ઝેનુલ આબેદીન ૧૫ હઝરત ઇમામ હુસેન, ૧૬ હઝરત અલી.

હસબ (માતૃ વંશાવળી.)

૧ બીબી ઉમ્મુલવરઅ ખાજા સાહેબના માતુશ્રીના બાપ ૨ સૈયદ દાઉદ ૩ સૈયદ યહયાઝાહિદ ૫ સૈયદ મુહમ્મદ મુરિસ

૬ સૈયદ દાઉદ ૭ સૈયદ મુસા, ૮ સૈયદ અબદુલ્લા મહઝ ૯ સૈયદ હસન મુસના ૧૦ ઇમામ હસન ૧૧ મોલા અલી.

શજરા (ગુરૂમાળા.)

૧ હઝરત મુહમ્મદુર રસુલુલા ૨ મોલા અલી ૩ ખાજા હસન બસરી ૪ અબદુલ વાહિદ બિન ઝેદ ૫ ફુઝેલ બિન અયાઝ ૬ સુલતાન ઇબ્રાહીમ અધહમ બલખી ૭ હુઝેફામરઅશી ૮ અબુ હુબેરતુલ બસરી ૯ ખાજા મમશાદ દેનુરી ૧૦ અબુ ઇસહાક શામી ચિશ્ની.* ૧૧ અબુ અહમદ અબદાલ ચિસ્તી ૧૨ ખાજા મુહમ્મદ ચિસ્તી ૧૩ ખાજા મુહમ્મદ યુસુફ ૧૪ ખાજા કુતબુદ્દીન મોદુદ ચિસ્તી ૧૫ હાજી શરીફ ઝિંદની ૧૬ ખાજા ઉસમાન હારવની ૧૭ ખાજા મુઇનુદ્દીન ચિસ્તી ૧૮ ખાજા કુતબુદ્દીન બખતીઆર કાકી ૧૯ ખાજા ફરીદુદ્દીન ગંજેશકર ૨૦ મેહબુબ ઇલાહી સુલતાન નિઝામુદ્દીન અવલીઆ ૨૧ ખાજા નસીરૂદ્દીન ચરાગ દેહલી ૨૨ ખાજા કમાલુદ્દીન અલ્લામા ૨૩ શેખ સિરાજુદ્દીન અલ્લામા ૨૪ શેખ ઇલમુલ હકકેવદ્દીન ૨૫ શેખ મેહમુદ રાજન ૨૬ જમાલુદ્દીન જમન પેહેલા ૨૭ કુતબુલ અવલીઆ શેખ હસન મુહમુમ્મદ ૨૮ કુતબુલ અકતાબ શેખ મુહમ્મદ ૨૯ કુતબુલમદીના શેખ યહયા ૩૦ શેખ રૂકુનુદ્દીન પેહેલા ૩૧ જમાલુદ્દીન જમન બીજા ૩૨ શાહ ફરરૂખ સૂરી ૩૩ રૂકનુદદીન બીજા ૩૪ રશીદુદીન મોદુદ ૩૫ હિસામુદદીન ખુબમીયાં ૩૬ શાહ મેહમુદમીયાં ૩૭ શાહ મોલાના ફખરૂદ્દીન ૩૮ મુહમ્મદ નિઝામુદદીન.

---

* ચિશ્તને હાલ સાકલાન કહે છે તે હિરાતના તાબામા છે.

ખ્વાજા ગરીબ નવાઝનો જન્મ.

ખ્વાજા સાહેબના પિતા ખ્વાજા ગયાસુદ્દીન સાહેબની ધણીઆણી ઉમ્મુલવરા ખ્વાજા સાહેબની માતુશ્રી ફરમાવે છે કે—

જ્યારે મારા ઉદરે મારો પુત્ર ખ્વાજા મુઇન્નુદ્દીન આવ્યો તેજ વખતથી મારૂં ઘર બરકત કલ્યાણ અને ભલાઇથી તથા ખેર ખુબીથી ઉભરાઇ ગયું, અમારા મિત્રોનો હેત વધી પડયો ને દુશમનો પ્રેમ દેખાડી માથું નમાવતા આવવા લાગ્યા, હું જે કંઇ સ્વપ્નામાં જોતી તે ખરેખરૂં મારા સનમુખે આવતું

જ્યારે મુઇન્નુદીનના શરીરમાં આતમા ફુંકાયો ત્યારથી મધ્ય રાતથી લઇને સવા પોહોર દિવસ ચઢે ત્યાં સુધી લાઇલાહા ઇલલ્લા, મુહમ્મદુરસુલલુલ્લાનો સાદ સંભળાતો.

સને ૫૩૭ હિજરી રજબ માસની ચઉદમી તારીખે સોમવારને દિવસે મોટા મળસકા (સુબહેસાદિક)ની શુભ વેળાએ સંજરિસ્તાનમાં મુઇન્નુદીન હુસેની હસનીએ આ સંસારમાં પગલાં કર્યાં જેવાજ આ દુન્યામાં પધાર્યા કે તરતજ આખા ઘરમાં અજવાળુ થઇ ગયુ ને અમારો ધામ પ્રકાશિત થઇ ગયો ને મોંમાંથી બરાબર કલમો ચાલુ થઇ ગયો.

દોહરો.

જન્મી જણજે જન ભલા, કહાં વલી કાં શુર,
નહીંતો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નુર.

(દલપતરામ.)

પ્રથવીએ પધાર્યો, જે પીરોનો પીર,
દુઃખ ટાળે દુઃખીઆતણું, ને દઢ બંધાવે ધીર.

(નિઝામી)

ખુર્દસાલી (બાળ અવસ્થા.)

પિતા પરલોક પધાર્યા તે વખતે ખાજા સાહેબની ઉમ્મર પંદર વર્ષની હતી અને વારસામાં માત્ર એક બાગ મળેલો હતો. જન્મ સજિસ્તાનમાં+ થયો, એક દિવસે તે બાગમાં એક મસ્તાન જેનુ નામ ઇબ્રાહીમ કંદઝી હતું, આવ્યો, ખાજા સાહેબે સનમાન આદરમાન દઇ લાવી બેસાડયો, ને લીલા દ્રાક્ષની એક ડાળી તેની સામા લાવી ભેટ મુકીને ઘણી અદબથી તેની સામા બેઠા, ઇબ્રાહીમે પોતાની થેલીમાથી એક સુકો ખોળનો કકડો કાઢયો ને દાતો વડેથી ચાવી ખાજા સાહેબને આપી ખવરાવી દાધો તે ખાતાજ અંતરમા પ્રકાશ ફેલાઇ ગયો, ને સંસાર ઉપરથી મન ઉતરી ગયુ, તે પછી બે ત્રણ દિવસમાં જે જે મિલકતો હતી તે વેચી નાખી, ને તેના નાણા ગરીબ લાચારોને વેહેચી દઇ જન્મ ભુમીનો ત્યાગ કરી દેશાટણ કરવા નિકળ્યા કેટલાક દિવસ સમરકદ અને બુખારામાં કુરાનને મોઢે પાઠ હીફ્ઝ કર્યું, અને જાહેર વિદ્યાઓનો અભ્યાસ કર્યો, બોખારેથી ઇરાકમા ગયા. જ્યારે નેશાપૂરની હદમા આવેલા હારૂન મુકામે પોહોચ્યા ત્યારે ત્યા આગળ હઝરત ઉસમાન હારૂની સાહેબની સેવામા હાજર થયા, ને તેમની ચાકરી કરવા લાગ્યા, લાંબા કાળ સુધી તેમની સોબતમા રહી ઇબાદતો અને ક્રિયાઓ કરતા રહ્યા.

+ સજીસ્તાન ઉપરથી ખાજા સાહેબ સજરી કહેવાય છે.

ખ્વાજા ઉસમાન હારવની સાહેબના મુરીદ (સેવક) બન્યાને શરીર શોધના, આત્મજ્ઞાન ત્થા યોગ સિદ્ધાંતો સિધ્ધ કરવા પછવાડે બારે બારે મેહેનત ને અથાગ શ્રમ લીધો.

જ્યારે કાર્ય સિધ્ધ થયુ ત્યારે ત્યાંથી વીદાય થયા ને તે પછી બગદાદમાં આવ્યા ત્યાંથી સંજાર ગયા, નજમુદ્દીન કુબરા એક મહાન પુરૂષની પાસે અઢી મહીના થોભ્યા, ત્યાર પછી જીલાનમાં આવ્યા ત્યાં આગળ મોટા પીરાનપીર દસ્તગીર સાહેબની પાસે રહ્યા ને અરસપરસ મેલાપનો સારો લાભ થયો. મોટા પીર અને અને ખ્વાજા સાહેબ મસીઆઇ ભાઇઓ થાય છે.

જેલાનથી ખ્વાજા સાહેબ બગદાદમાં આવ્યા શેખ શહાબુદ્દીન સોહોર વરદીના પીર શેખ ઝીઆઉદ્દીનની ભેટ લીધી, કેટલાક દિવસ તેમની પાસે રહ્યા તે વખતે શેખ અવહદુદ્દીન કિરમાની પણ સ્લુક (યોગ) અભ્યાસી હતા. તે પણ ખ્વાજાસાહેબના ખલીફા બન્યા એવુ કહેવાય છે શેખ હિસામુદ્દીન હલબી મોલાના રૂમના મોટા ખલીફા હતા તે કહે છે કે ખ્વાજા સાહેબ બગદાદથી હમેદાન આવ્યા. ને શેખ યુસુફ હમદાનીથી મળ્યા ત્યાંથી તબરેઝમાં આવ્યા ને ત્યાં પીર જલાલુદ્દીન તબરેઝીના પીર અબુ સઇયદ તબરેઝીથી મળ્યા, નિઝામુદ્દીન ઓલીઆ કહે છે કે જલાલુદ્દીન જેવા ૭૦ ખલીફા તેમના હતા.

મકકા મદીનાનો પ્રવાસ.

ગઝનીથી ખ્વાજા સાહેબે મક્કાની તૈયારી કરી ત્યાં જઇને મદીને હાજર થયા, ને ત્યાં રહેવા લાગ્યા, એક દિવસ ત્યાંના અધિકારીને અંદરથી સાદ થયો કે—" મુઇનુદ્દીનને હાજર કરો તે વખતે આ

નામના કેટલાક માણુસો ત્યાં હતા તેથી વહીવટદારે અરજ કરી કે ફીઆ મુઇનુદીનને હાજર કરૂ ? આજ્ઞા થઇ કે મુઇનુદીનહુસેની હસનીને લઇ આવો " વહીવટદારના સાથે ખાજા સાહેબ દરૂદો પઢતા ને સલામો કરતા રોજાની માંહે દાખલ થયા, ને દરબારની દાખલી મળી આજ્ઞા થઇ કે પરવરદિગારના હુકમથી હિંદુસ્તાનનું રાજ્ય તને આપવામા આવ્યું છે, અને અજમેરમા તમારૂ તથા તમારી ઓલાદનું રહેઠાણુ સદાનું ઠરાવવામાં આવ્યું છે, અને ઇસલામી લાભ તારા કારણુથી તે દેશને હમેશા મળતો રહેશે.

ખાજા સાહેબને આશ્ચય લાગ્યો કે અજમેર ક્યાં હશે, પછી એક દાડમ આપવામાં આવ્યું ને ફરમાન થયુ કે દાડમના દાણાની પેઠે તારા ખાનદાનના માણુસો ઠામે ઠામે પ્રકાશ પસરાવશે, તેમજ થયુ, પછી દશ નામોની ભકિત અપાઇ, તે દશ નામો દરેક ઠામને વાસ્તે ચિસ્તી ખાનદાનમાં અકસીર સરખા છે તેનો ઉપકારને પાડ માની ચાલીસ માણુસો સહીત હિંદુસ્તાન તરફ આવવાને નિકળ્યા.

ખાજા સાહેબને ખિલાફતની પોશાક મળી ત્યારે તેમની ઉમર બાવન વર્ષની હતી.

રિયાઝ (ભકિત)

શેખ ફરીદશકરગંજ પોતાના પીર ખાજા કુતબુદીનથી સાભળેલુ કહે છે કે ખાજા સાહેબ ભકિતની અતિ કષ્ટી ભોગવતા હતા સાત દિવસના અપવાસ પછી પાંચ તોલા અહાર કરતા, સાજે રોજો છોડતી વખતે સુકા ટકડા પલાળીને ખાતા.

કફની જેવું પેરણુ પેહેરતા ને કાટેથી ચોખા લુવડાનું થીગડું દેતા. એકલા મુસાફરી કરતા, જ્યાં પોહોંચતા ત્યાં ઘણું કરી કબરસ્તાનમાં ઉતારો કરતા. દરરોજ બે કુરાનો પુરા કરતા, જ્યાં કંઇ પણ તેમની ચરચા થાય ત્યાંથી નિકળી જતા. ખાજા ઉસમાન હારૂની કહેતા કે મુઇનુદદીનની મુરીદીથી હું અભિમાન ધરાવું છું.

પ્રવાસમાં ચમત્કારો.

ખાજા સાહેબ અને ખાજા ઉસમાન હારવની સાહેબ બેઉ મુસાફરી કરતા હતા એક જગ્યાએ પોહોંચ્યા કે જ્યાંના રહેવાસી અગ્ની પુજક હતા, ને તેમણે એક મોટો દખમો બનાવેલો હતો, દરરોજ તેમાં વીસ ગાડાં કાઠીના બાળવામાં આવતા, ગામની બહાર એક ઝાડની હેઠળ આ બેઉ સાહેબોએ ઉતારો કર્યો. ખાજા ઉસમાનનો ફખરૂદદીન નામનો એક સેવક હતો તેને આગ લેવાને મોકલ્યો કે રાધીને સાંજરે રોઝે મુકવાનુ થાય, ચાકરે દખમાની અગાર માગી પવિત્ર અગ્નિ પાસે અપવિત્ર માણસને આવવા દીધો નહીં, તેણે આવી સઘળી વાત કહી ખાજાએ વઝુ કરી દુગાનો પઢયો પછી દખમા ભણી ગયા, પાસે પોહોચ્યા એટલે એક ઘરડા મોબીદને પાટ ઉપર બેસી ઇબાદત કરતો જોયો તેના ખોળામાં સાત વર્ષનો એક છોકરો હતો તે મોબીદનુ નામ મકીશાહ હતું, ખાજા ત્યાં પોહોંચ્યા ને તેને પ્રશ્ન કર્યો કે તમે અગની શું કરવા પુજો છો? ને તેનાથી શો લાભ ધાર્યો છે, વળી ખુદા અગ્નિનો સરજનહાર છે તેને કેમ વિસારી દીધો છે? મોબિદે કહ્યું અમારા દીનમાં અગનીનો મોટો મહીમા છે શાવાસ્તે નપુજીએ, ખાજાએ કહ્યુ આટલા વર્ષથી આ

અગની પ્રગટ કરવામા આવી છે તેની ઉપર એક ચલ્લુ પાણી નાખેથી ઓલવાઇ જશે, તેમાં હાથ નાખો તે તમારા ઉપર દયા કરે ને ન બાળે તો પુજા સાચર્કી છે, મોબિદે કહ્યું કે એની પાસે કોણ જઈ શકે છે, ખાજાએ તે બાળકને ઉચકી લીધો ને અગનીમા પેસી ગયા, લોકો હાય હાય કરવા લાગ્યા પરંતુ તે બાળક અને ખાજાને ધુમાડો પણ લાગ્યો નહીં, ચાર ઘડી સુધી માહે રહ્યા.

પછી બહાર નિકળ્યા છોકરાને ત્યા શું વિત્યુ તે પુછ્યુ તેણે ઉતર દીધો કે અમે બગીચામા ફરતા હતા, આ જોઇ તે સઘળા લોકો મુસલમાન થયા. ત્યા કેટલાક દિવસ બેઉ ખાજા રહ્યા, મહીશા મોબીદને સતમાર્ગે ફેરી આત્મજ્ઞાન આપી અબદુલ્લા નામ આપ્યુ તે શેખ અબદુલ્લાવલી થયા, જે છોકરાને અગનીમા લઇ ગયા હતા તેનુ ઇબ્રાહીમ નામ પાડયુ તે પણ વલી થયો, દખમો કાઢી નાખવામાં આવ્યો, ત્યા શેખ અબદુલ્લાની દરગાહ થઇ, ત્યા આગળ મોટુ કબરસ્તાન છે (જવાહિર ફરીદીવાળા લખે છે કે) હુ ત્યા ગયોને બે અડવાડીયાં સુધી રહ્યો, લોકોની પુછતા જણાયુ કે ખાજા ઉસમાન સાહેબ ત્યા અઢી વર્શ સુધી રહ્યા, ત્યા એમનો ઓરડોને દરગાહ છે.

ખાજા સાહેબ તબરેઝ થઇને મનદા અને ખરકાનમાં આવ્યા, ત્યા દશ વર્ષ રહ્યા. ત્યાથી અસ્ત્રાબાદ આવ્યાને નાસિરૂદ્દીન અસ્ત્રાબાદીથી મળ્યા તે વખતે તેમની ઉમ્મર એકસો સિતેર વર્ષની હતી ત્યાથી હરાત તરફ ગયા, તેઉ [illegible] જગ્યાએ રહેતા નોહોતા. પરંતુ રાત્રે [illegible] ગાહમા વાસ કરતા હતા.

એક માણુસ સિવાય વધારે તે પોતાની સાથે નોહોતા રાખતા, ઇશાની નમાઝના વઝુથી સવારની નમાઝ પઢતા હતા.

યાદગાર મુહમ્મદ કુકરમી સુમાર્ગે દોરાયો.

જ્યારે અસ્રાબાદમાં ખ્યાતી વધી ગઇને લોકો ખાજા સાહેબ પાસે વધારે ભેગા મળવા લાગ્યા એટલે ત્યાંથી નિકળીને સબ્ઝવારમા આવ્યા, ત્યાંનો સત્તાધારી મોહમ્મદ યાદગાર નામનો હતો, તે માણુસ ઘણો દુરાચરણી હતો નેમોજમા કાળગાળનો હરામ હલાલને સરખા ગણતો મધુપાન વ્યભિચાર તેના રાત દીવસના કામો હતા તે ઉપરાંત શીયા પંથ પાળતો તેથી અબુબકરને ઉમર નામવાળા માણુસોને અતિ દુઃખ દેતા.

તેણે એક બાગ બનાવેલો હતો તેમા આવીને મોજશોક કરતો હતો ભોગ જોગે ખાજા સાહેબ તે બાગમા આવ્યા, નહાયા અને નિમાઝ પઢી, તેજ વખતે બાગનો ધણી ત્યા આવી ગયો તેના આવતા પહેલાં ખાજાની સોબતના માણસે કહ્યુ કે હવે અહી થોભવુ નહી જોઇએ કેમકે યાદગાર ઘણા ખોટા સ્વભાવનો માણસ છે, ખાજા સાહેબે તેના કહેવા ઉપર ધ્યાન ન આપ્યુ ને એક ઝાડની હેઠળ પથારી કરાવી. એક હોઝ કાંઠા ઉપર તે ઉતારો થયો નેજે હોઝ પાસે યાદગારનો પણ ગાલીચો પાથરવામા આવ્યો પરંતુ ખાજાની બીકથી કોઇ નોકરે તેમને કંઇ કહ્યુ નહી

જ્યારે યાદગારે ખાજાને જોયા ત્યારે શરીરમા કંપારો ઉભો થયો, તેના સઘળી મંડળી વાળા પણ સ્તબ્ધ રહી ગયા ગલીચા ઉપર ન બેસતાં હાથ જોડી સેવામાં ઉભા થઇ ગયા.

ખાજા સાહેબે એક તેજ નઝરથી તેની સામુ જોયું એટલે તે બેભાન થઇ ભોંય ઉપર પડી ગયો, પોતાના સેવકને ખાજાએ હોઝ માંથી પાણી લાવી તેના મોં ઉપર મારવાનું કહ્યું કે તોબા કર (પશ્ચાતાબ) તેણે તોબા કરી કહ્યું, ખોટી માન્યતાને મનમાંથી કાઢ તેણે કબુલ કર્યું. પોતાનું માથું ખાજા સાહેબના પગોમાં મુકી દીધુ, હુકમ કર્યો કે જે લોકો ઉપર જુલમ કરેલો તેમની માફી માગ ને જુલમજોરની લીધેલો માલ તેમના માલિકોને પાછો પોહોંચાડ તેણે તેમજ કર્યું. તે ઉપરાંત સઘળી માલમિલકત ખેરાતમાં પુનદાન કરી દીધી સઘળી દાસીઓ દાસોને મુકત કર્યા એ ધણીઆણી હતી તેમને છુટકો આપ્યો. ને ઇબાદતમાં ગુંથાયાથી વલી થઇ ગયો આ વારના મોલાના મુહમ્મદ નખશીથી સાંભળવામાં આવી છે તે એક અલ્લાના વલી માણસ હતા, (જવાહિર ફરીદવાળા લખે છે) હુ પણ ત્યા ગયો છુ તે હરીથી સબ્ઝવાર સુધી મુસાફરી કરી છે, ત્યાથી ખાજા સાહેબ શાદમાનના કિલ્લામા આવ્યા મુહમ્મદનુરૂલ્લા અને યાદગારને ત્યાજ થોભાવ્યા, યાદગાહ મુહમ્મદ અને મુહમ્મદ નુરૂલ્લાની દરગાહો શાદમાનમા છે.

શાદમાનથી ખાજા બલખમાં આવ્યા અને અહમદ ખુઝરવી-આની દરગાહમા કેટલાક મહીના રહ્યા, ત્યા મોલાના ઝિઆઉદ્દીન નામનો એક તત્વજ્ઞાની મહા મોલવી હતો

તે યોગ વેદાત એટલે તસવવુફને મુત્લ માનતો નોહોતો, ને પોતાના શાગીરદોને શીખવતો કે એ વિદ્યા નકામી છે તેનું શીખવુ વ્યર્થ છે, આ લોકોનું નામ આવે ગાળો દેતો, બલખ નજીક એક ગામમા તેનો બાગ અને પાઠશાળા હતી.

દૈવયોગે ખાજા સાહેબ તે ગામ તરફ નિકળ્યા હતા, એક ઝાડ હેઠળ બેઠા હતા ને સેવકને આગ સળગાવી રોજો મુકવાને ભોજન તૈયાર કરવાનું કહ્યું, એટલામાં આ રસ્તે થઇ ઝીઆઓદીન પણ જતો હતો, તેણે દીઠું એક ફકીર નિમાઝ પઢે છે અને ભુખ લાગેલી હતી, તે ઝાડ હેઠળ જરા વિસામો ખાવાને આવી બેઠો, ખાજા નિમાઝથી પરવારી ભોજન લેવા બેઠા થોડુંક ઝીઆઓદદીનને પણ આપ્યું, તે ખાતાજ તેના મનમાં જે તત્વજ્ઞાનના અધારા જામેલા હતા, તે ખુદાઇ પ્રકાશથી બદલાઇ ગયા, ત્યાર પછી પોતાની આગળ વધેલું ખાજાએ તેને આપ્યું, તે ખાતાંજ તેને ખુદાઇ દુન્યા જોવાની આંખો ઉઘડી ગઇ, મોલાના ઝહીરૂદદીન બલખી કહે છે કે ઝીયાઉદીને પછી ફિલસુફીના સઘળા પુસ્તકો પાણીમાં બોળી દીધાં. સંસારનો ત્યાગ કર્યો ને ખાજાનો મુરીદ બની ગયો, તેના બધા શાગીરદો ખાજાના મુરીદ થયા, તેને ખિલાફત આપી ત્યાંથી ગઝની તરફ ચાલ્યા, ત્યાથી મક્કે મદીને જવાને નિકળ્યા.

હજરત પીરાને પીર દસ્તગીરે કરેલી રાગની સભા

કહે છે કે જયારે ખાજા મુઇનુદદીન સાહેબ પોતાના ભાઇ હજરત પીરાને પીરને મળવા આવ્યા ને જે મુકામે ઉતરેલા હતા તે જગ્યા હાલ સુધી કાયમ છે ત્યાં તે સતાવન દહાડા રહયા.

એક દિવસ ભાઇને નોતરી ખાવાનું આમંત્રણ કીધું, ખાજા સાહેબે કહ્યું કે આપને ખબર છે કે અમારો અહાર સમા [હરી કિરતનને પ્રેમ ગાયન છે] તે ઠેકાણે ઉલમા [ધર્મ શાસ્ત્રીઓએ] ગાવુ બજાવવુ બંધ કરાવેલુ હતું, મોટા પીરને કહ્યું કે અમારી મહમાની તેજ છે

'ફુટા ફુટેલાનાં વાજીત્રો મળી આવ્યા ખાજા સાહેબે કહ્યુ કે એક ઓરડામાં એમને મુકો પણ કહે છે કે ઓરડાને વાસી દેવાનુ કહ્યું, બારણું વાસતાંજ જેથી વાજીત્રો વાગવા લાગ્યા ને ગાયન પણ સંભળાયુ.

મોટા પીરે પોતાના પુત્ર સૈયદ અબદુલ વહાબ સાહેબને ફરમાવ્યુ કે આ મિજલસમા જઇ પોહોચો કેમકે આ ખરેખરી ખુદાની રહેમત (મેહરબાની) ની વખત છે, તે સાહેબ આવ્યા ને ખાજા સાહેબની જમણી બાજુએ બેઠા, તેમણે ગાયન સાભળવાની આજ્ઞા કરીને કહ્યુ કે ચાલીસ વર્ષની ઇબાદત (ભકિત) માં ખુદા તઆલાની નજદીકી મળતી નથી જે રાગમા એક ઘડીમા મળે છે, તમને અમારો માર્ગ મુબારક થાઓ.

હિંદમાં પધરામણી

પેહેલ વેહેલાં ખાજા સાહેબ લાહોરમા પધાર્યા તે વખતે શેખ અલીહજવેરી સાહેબ ગુજરી ગયા હતા તેમની દરગાહમા કેટલોક વખત થોભ્યા ને શેખ હુસેન ઝનનીની ભેટ લીધી

આ વખતે સુલતાન મુઇઝઝુદીન મુહમ્મદે દિલ્લી જીતી લીધી હતી, દિલ્લીમા કુતબુદદીન અએકને મુકી મુઇઝઝુદીન ગઝનીની તરફ રવાને થયો, ને રસ્તામાં તેનો કાળ થયો, ખાજા સાહેબ લાહોરથી દિલ્લીમા આવ્યા, એટલામાં કુતબુદીન પણ પાછો જતો રહ્યો હતો ને દિલ્લી પૃથ્વિરાજના હાથમા આવી હતી.

પૃથ્વિરાજની માતુશ્રી જોતિશ, જાદુ, અને ઉપાશનાઓ તથા સાધનાઓમા ઘણી પ્રવીણ હતી અને ભૂત ભવિષ્ય વિષે માહિતગાર

હતી. તેણીએ ખાજાના આવતાં પેહેલાં પૃથ્વિરાજને કહ્યું હતું કે એક માણુસ આવો આવશે ને તેને લીધે તારા રાજ અને સત્તામાં નુકસાની આવી નડશે, અને ખાજાની છબી કાઢીને પણ પોતાના પુત્રને આપી હતી. પૃથ્વિરાયે તે છબી ઉપરથી બીજી છબીઓ પડાવીને જુદે જુદે ઠેકાણે અધિકારીઓ ઉપર મોકલાવી દીધી હતી કે એવો માણુસ આવે તો તેને દરબારમાં લઇ આવવો, તેથી તે પ્રમાણે દરેક મુસાફરની તજવીજ થતી હતી

ખાજા જ્યારે દિલ્હીમા આવ્યા ત્યારે તે વખતે દિલ્લીના લોકો મુસલમાનોને જોઇને નાસતા હતા. ચાલીસ માણુસો સહીત ત્યાં આવી વાસ કરી દરરોજ બાંગ દઇ નિમાઝ પઢતા હતા, (સેરૂલ આરેફીન મિરાતુલ ઇસરાર)

અજમેરમાં સુવાસને પગલાં કરવાં.

ફવાઇદુલ ફૂવાદમા લખેલુ છે કે હમીદુદ્દીન દેહલવી સિવાય સાતમો સુમાન ખાજા સાહેબના સંબોધથી મુસલમાન થયા હતા.

દિલ્લીથી અજમેર તરફ રવાને થયા જ્યારે સામાના ગામ આગળ આવ્યા ત્યારે પૃથ્વિરાયના માણુસોએ છબી પ્રમાણે ખાજા સાહેબનો ચેહરો જોયો, તે લોકોએ આવી ઘણી નમ્રતાથી અરજ કરી કે સારો ઉતારો ને સઘળા પ્રકારની મેહમાનદારી તૈયાર છે ખાજા સાહેબે નબી સાહેબના દરબારમાથી આજ્ઞા માગી એટલે હુકમ થયો કે સઘળી કપટની વાત છે ભરૂસો રાખશો માં, પોતાના સાથીઓને તેની ખબર આપી કબુલ ન કરી ને અજમેર તરફ ચાલવા લાગ્યા.

અજમેર પોહોંચી એક ઝાડની હેઠળ વિસરામ લીધો એટલે એક માણસે આવીને કહ્યું કે અહીંથી ઉઠો અહીં સરકારી ઉંટોની બેસવાની જગ્યા છે, ખાજા સાહેબે કહ્યું કે બેસે એટલે સઘળા જાનવરો બેસી ગયા તે ઉઠે નહીં ત્યાંથી ઉઠીને અનાસાગર ઉપરએક ઝાડની હેઠળ આવી બેઠા સાથીઓમાંથી કેટલાક બેસલા ઉપર વઝુ કરવાને ગયા, આ વખતે આ જગ્યાએ એક હજાર મંદીરો હતા, ને દરરોજ સો મણ તેલ રોશનીમાં બળતું હતું, બ્રાહ્મણોએ વઝુ કરવાની ના પાડી સાથીઓએ આવીને ખબર કરી એટલે કહ્યું કે બેસેલામાંથી એક મશક પાણી ભરી લાવો જયારે બેસલામાં મશક નાખી કે તેનુ સઘળું પાણી સુકાઇ ગયુ, તેમજ અનાસાગર ને સઘળા કુવાઓ નિર્જળ થઇ ગયા, તેમજ ધાવણોમાં પણ દુધ ન રહ્યું.

અનાસાગર તળાવ ઉપર એક મદીર હતું ને તેના ખરચના પેટામાં એક ગામ કાપી આપવામા આવેલુ હતું, ખાજા સાહેબ ત્યાં ગયા અને પુજારીઓને પુછ્યુ કે આ પ્રતિમાનુ શુ નામ છે? તેઓએ કહ્યુ કે એને સાદી રામ કહે છે, ખાજાએ પ્રશ્ન કર્યો કે તમે એને લાબા કાળથી પુજો છો કદીએ તમારી સાથે એણે કંઈ વાત કરી છે? તેઓ ઉત્તર દીધો કે આ તો પથરો છે શી રિતે વાત કરે, ખાજાએ કહ્યુ કે જો એ વાત કરે તો તમે ઇસલામ ગ્રહણ કરશો? તેઓએ કહ્યુ કે એમ તો કદી બને નહી, તે વખતે તે સાહેબે કહ્યુ કે ખુદાના હુકમથી મારી પાસે આવ અને વાત કર, તેજ વખતે તે ખાજાની પાસે આવી સલામ કરીને ખુદા એક છે એવું બોલી ઉઠયો, ખાજાએ તેને પાણીની છાલગ આપી તેનું નામ સઆદી પાડી પાણી લાવવાનો હુકમ કર્યો તેણે જઇ

તળાવમાં છાગલ નાખી એટલે સુકેલા પાણીને દુધોના ધાવણ પેહેલાંના જેવા ચાલુ થઇ ગયા. લોકોને ખાવાનુ લાવવા બજારમાં મોકલી પોતે નિમાઝમાં મશગુલ થયા.

બ્રાહ્મણોએ ઉંટોના બેસી જવાનું, પાણીનું સુકાઇ જવું, સાદી દેવનું પાણી લાવવું લોકોના મુસલમાન થઇ જવાનું પૃથ્વિરાજને જઇને કહ્યું, તેની માતુશ્રીએ જ્યારે સાંભળ્યું ત્યારે તે બોલી કે હે દીકરા આ તેજ ફકીર છે જેના વિશે મેં તને બાર વર્ષ ઉપર ખબર આપી હતી. હવે તેની સેવા ચાકરીથી તું થોડા દહાડા ટકીશ નહીં તો રાજનો અંત આવેલો જાણજે.

જયપાલ જોગીથી વિવાદ ને તેનું મુસલમાન થવું

માની શિખામણ કાને નહીં ધરતાં પૃથ્વિરાયે અજેપાલ પ્રધાનને ખબર આપી અજેપાલ જાદુગર વિદ્યાઓમાં પરિપુર્ણ હુશીઆર હતો, રાયે કહાવી મોકલ્યુ કે ખાજાના આ બધા કામોની જાદુઇ છે તે તમે પણ સઘળી સામગરીઓ લઇને તે તરફ જાઓ, અને હું પણ ત્યાં પોહોચુ છુ, ને એવુ નિશ્ચય કીધુ કે ત્યાં પોહોંચી આ ફકીરને સારી પેઠે હેરાન કરીશ એવુ ધારતાંજ આંધળો થઇ ગયો તે વખતે માની શીખામણ યાદ આવી ને તોબા કરી કે આ કામ હુ નહીં કરૂ એટલે દેખતો થયો, સાત વખતે ખોટે મનસુબે આંધળો ને પશ્ચાતાપે દેખતો થયો.

ટુંકમાં પૃથ્વિરાય અને અજેપાલ ત્યા પોહોંચી ગયા. અજેપાલ ની સાથે સાતસો સાપ ઝેરી, પંદરસો હવામાં ફરતા ચકરો, અને સાતમો અતિ હુશીઆર શિષ્યોની સાથે આવી ખાજાના સાથીઓ

ઉપર કામ કરવા લાગ્યો. સાથીઓએ ખાજાને અરજ કરી એટલે તેમણે એક કુંડાળું તાણી સર્વને અંદર રેહવાનો હુકમ કર્યો, ને કહ્યું કે જો ખુદા ચાહે તો આ સઘળા પોતાના ઘાથી પોતેજ ઘાયલ થશે ને તમને જરા સરખી ઇજા નહી આવે.

એટલુ કહેવુંજ હતું કે સઘળા ચાકરો અજેપાલના લશકર ઉપર પડયા, અને તેનાથી ઘણા ખરા લશકરીઓનો નાશ થયો, એકલો અજેપાલ રહી ગયો, સઘળા સરપોએ અજેપાલના શિષ્યોનો અહાર કર્યો.

તે પછી ખાજાએ હુકમ કર્યો કે સરપ અને વીછીઓને ભોંયમા દાટી દો તેમને જે જગ્યાએ દાટયા તે જગ્યાએ સાપને ઠેકાણે જઝાવલ અને વીછીંની જગ્યાએ ભરના નામના ઝાડો ઉગી નિકળ્યા. હમણા પણ સાપ ડશેલા જઝવલ અને વીછી વાળાને ભરનાથી ફાયદો થાય છે.

લોકો આ કરામતો જોઇને અચબિત થયા, તરશને લીધે લોકોના કોટે પ્રાણ આવેલા હતા, તે વખતે પૃથ્વિરાયને તેની માના વચનો સાભરી આવ્યા, છેવટે રાય અને અજેપાલ બેઉ જણ કર જોડી કુડાળાની બહાર આવીને ઉભા રહ્યા અન માફી માગી અને વિનંતી કરી કે તરશને લીધે અમે તથા આખી વસ્તી મૃત્યુ થઇ ગઇ છે, અમે જે કરેલુ તેની શિક્ષા અમને મળી, હવે અમારી ઉપર કૃપા દ્રષ્ટી અને દયા થવી જોઇએ ને અમારા ગુનાને માફ કરવા જોઇએ.

આજ્ઞા આપી કે જાઓ મારી છાગલને લાવો થોડુંક પાણી આપુ, છાગલ લેવાને ગયા ને ઘણું જોર કર્યું, વળી પોતાની ક્રિયાઓને પણ કામે લગાડી તો એ છાગલ પોતાની જગ્યાએથી ખસી નહી, પછી લાચાર થઇને આવ્યા, ખાજાએ કહ્યું કે આ ખુદાના મરદોની છાગલને જો આખું લશકર બળ ને કામે લગાડે તો એ ખસે નહીં, ત્યાર પછી સાદી દેવને હુકમ થયો તેણે છાગલ લાવી ખાજા સનમુખે મુકી, તેમાથી થોડું પાણી અનાસગર અને બેસલામાં રેડયું, તરતજ બેઉ સરોવરમા, ધાવણેમાં ને કુવામાં પાણી ઉભરાઇ ગયું, ઉટો ઉઠયા ને ચરવા લાગ્યા, લોકોએ આ કરામતો જોઇ એટલે વિચાર્યું કે અમે અજેપાલને પુર્ણપુરૂષ જાણતા હતા, પણ તેનું કંઇ ચાલ્યુ નહી ખાજાજ માહાન પુરૂષ છે ને તમનો રસ્તોજ ખરો છે એવુ નિશ્ચય કરીને કેટલાક લોકો મુસલમાન થઇ ગયા. અજેપાલે આ પ્રમાણે જોઇ પ્રશ્ન કર્યો કે કહો ખાજા યોગમાં કયા સુધી પોહોચ્યા છો ને આત્મજ્ઞાન કેટલુ ધરાવો છો, ઉત્તર દીધો કે તેં જે કષ્ઠ કર્યુ હોય તે કરી બતાવ. પછી જે કઇ થશે તે ઉઘાડુ પડશે, તે વખતે અજેપાલે એક મૃગ છાલાલઇ હવામા નિરધાર મુકી દીધી ને શ્વાસ રોકી તેની ઉપર જઇ બેઠો, ને આકાશમા ફરવા લાગ્યો, એટલે લોકોની ગએલી આસ્તા તેની ઉપર પાછી આવી, આ વખતે ખાજા પોતાના ધ્યાનમા આંખો બંધ કરીને સમાધમા હતા, પછી આખો ઉઘાડી પુછ્યુ અજેપાલ કયા છે ? લોકોએ કહ્યુ કે આકાશમા ઉડતો ફરે છે ને જણાતો નથી, ખાજાએ પોતાના પગરખાને હુકમ કર્યો એટલે તે ઉડીને અજેપાલ ના માથા ઉપર મારો કરવા લાગ્યા, અજેપાલને દુખ થયાથી ચીસો પાડવા લાગ્યો તે લોકો હેઠળ સાંભળવા લાગ્યા, હેઠળ આવી ખાજાને પગે લાગી આશરો માગ્યો, ખાજાએ

પગરખાઓને રોકી દીધા, અજેપાલે કહ્યું કે જે મારી સત્તામાં હતું તે મેં કરી દેખાડયું ને તેની શિક્ષા પણ મળી, હવે આપની પુર્ણતા દેખાડો.

ખાજા સાહેબ શરીરનો ત્યાગ કરી સુક્ષમ શરીરે આકાશ ભણી સંચર્યા તેની પુઠે અજેપાલ પણ ચાલ્યો પેહેલા આકાશે જઇ અજેપાલ રહી ગયો, પછી તેણે વિનતી કરીકે સાહેબ જો આજ મને આ લાભ નહીં મળી તો ફરી મળવો કઠણ છે, એટલે તેની વિનતી સ્વિકારી તેને પણ સુક્ષમ શરીરે સાથે લીધો સાતમા આકાશે એક પહોંચ્યા ત્યાંના દુતો ખાજા નામા આવી સલામો કરી અદબથી ઉભા રહ્યા, આ જોઇ અજેપાલ આશ્ચર્ય પામ્યો, ને જે લીલા તેની નજરે પડી તેનો લાવો નહીં લઇ શકયાથી અરજ કરી કે મને તરશો મુકશો નહી ત્યારે ફરમાવ્યુ કે તે લાઇલાહઇલ્લલ્લા મુહમ્મદુરરસુલ્લાહ ઉપર ખરા મનથી આસ્તા રાખ્યા શિવાય મળી શકે નહી. તેણે કલમો પઢયો, ત્યારે તેને સંગાથે લઇ, અરશ (રાજયાસન) કુરસી, લોહ કલમ (કાળપત્રિકા) સ્વર્ગ અને નરક વિગેરે ઇશ્વરી મહીમા દેખાડયા.

અજેપાલ મુસલમાન થયો ત્યારે ખાજાએ પૃથ્વિરાયને કહ્યું કે તું ણુપ મુસલમાન થઇ જા તેણે ઇનકાર કરી, ખાજાએ કહ્યું કે મુસલમાન નહી થાય તો મુસલમાનોના હાથમા પકડાઇ કેદ થશે, જાઓ મેં પૃથ્વિને જીવતો મુસલમાનોના હાથમા પકડાઇ દીધો, તારૂ નરકમાં પણ ઠેકાણું નહીં પડે.

અજેપાલે અરજ કરી કે મે જે પાપો કર્યા છે તે ઘણા છે માટે હુ સદાએ જીવતો રહી ઇબાદત કરૂ કે તે પાપો મટી જાય આશિરવાદ દીધો કે તું સદાએ જીવતો રહેશે.

તે પછી સાદીરામે ત્થા અજેપાલે અરજ કરી કે સાહેબે શહેરમાં પધારી વાસો કરવો, ખાજાએ કબુલ કર્યું, સાદી દેવનુ મંદીર બધા મંદીરો કરતાં ઘણું શોભીતું હતું, ત્યાં આગળ મસીત જમાત ખાનું (સભા કચેરી) રસોડા વિગેરે બનાવી દેવામાં આવ્યા, અને જે જગ્યાએ તે વખતે રસોડા અને ભકિત ઘર હતું ત્યાં ઘુમટ કરી દીધુ

ઇરાનના બાદશાહ મુઇઝનુદદીને રાય પૃથ્વિની સાથે સાત વાર લડાઇઓ કરેલી હતી, ને સાત વાર હાર ખાધેલી એટલુજ નહીં પણ કેદમાં એ પકડાયલો હતો, રોકડ ત્થા ઘરેણું ગાહુ આપીને છુટો થએલો.

જે દિવસે ખાજાના મોમાથી વચન નિકળ્યા કે પૃથ્વિને જીવતો ઇસ્લામીઓના હાથમા આપી દીધો તેજ રાત્રે મુઇઝુદદીને એક સ્વપ્નુ જોયુ ને વહાણુમા પોતાના સરદારોને કહ્યું કે સ્વર્ગ વાડીમા નબી સાહેબનુ રાજ્ય સ્થાપાયુ ને એક સાહેબ નુરાની ચેહરાવાળા એક પાટ ઉપર બિરાજેલા જોયા એક માણસે આવી મારો હાથ ઝાલ્યો, તે સાહેબની સામા મને લઇ ગયો, તેમણે ફરમાવ્યું કે " તને હિંદનુ રાજ્ય આપ્યુ ને રાય પૃથ્વિને પદભ્રષ્ટ કરવામા આવ્યો

સરદારોએ હિંદનો જય ને રાજ્ય હાથમા આવશે એવો સ્વપ્નાનો અર્થ કર્યો અને મુબારક બાદી આપી. ઘણી ઉતાવળે સૈન્ય સમારીને હિંદુસ્તાન ભણી રવાને થયો, પેહેલા લાહોર ઉપર કબજો કર્યો ને સરહદના ટંટા પતાવી લીધા. તે પછી સરહિંદ લીધુ. અને ભારે ફોજ પૃથ્વિરાય ઉપર મોકલી. જ્યારે તેનુ લશ્કર અજ-

મેર પોહચ્યું ત્યારે પૃથ્વિરાય લડવાને નિકળ્યો સુલતાન એક લાખ વીશ હજાર શુરા લડવૈયાને લઇને આવી પોહોંચ્યો તે લડાઇમા પૃથ્વિરાય પકડાઇ ગયો, હિંદુસ્તાનના રાજ્યસન ઉપર પેહેલો મુસલમાન બાદશાહ જે બેઠો તે આ સુલતાન મુઇઝુદ્દીન હતો, ને ખાજાના પ્રેમ ઉપકારી આશિરવાદ અને આજ્ઞાથી બેઠો તેમજ જેને હિંદનુ રાજ્ય મળે છે તે ખાજાની આજ્ઞાથીજ મળે છે

બિજી રીતે એમ પણ લખેલુ છે સુલતાન મુઇઝુદીન ઉરફે શહાબુદ્દીન ગોરી ખાજાના હુકમથી દિલ્હી તરફ રવાને થયો, ને રસ્તામા જે શેહેરો પડયા તે ફતે કર્યા, જ્યારે થાનેસરે પોહોચ્યો ત્યારે એક લાખને વીશ હજાર સ્વારો તેની પાસે હતા. ત્યાં આગળ થોભ્યો અને યુદ્ધ સામગીરીઓને તૈયાર કરવા લાગ્યો, જ્યારે પૃથ્વિરાયને આ ખબર મળી ત્યારે તારાગઢથી લશ્કર લઇને થાનેસર ગયો, ત્યા આગળ ભારે લડાઇ થઇ અને સને ૫૮૦ હિજરીમા બાદશાહને જય ને રાયને પ્રાજ્ય પ્રાપત થયા. રાજા જીવતો કેદે પકડાયો ત્યારે સુલતાનને કહ્યુ કે મે તને સાત વાર મુકત કર્યો તું મને એક વાર છોડ ને જે ખડણી ઠરાવશે તે હુ પોહોચાડ તો નહીશ બાદશાહે ઉતર દીધો કે ખરૂ કહો છો પણ આ કામ રાજ્ય વ્યવસ્થાથી વિરૂધમા છે ને તે વિષે તમને જ્ઞાન નથી કે દુશમનને કેદે પકડવોને પાછો મુકી દેવો બાદશાહીના કાયદાથી કેવળ બ ખુદ્ધીનુ કામ છે તખ્ત ઉપર બેઠો અને દીને મુહમ્મદીની મદદ કરવા લાગ્યો

પછી ઘણી ભેટો લઇને ખાજા સાહેબની સેવામા હાજર થયો ને આશિરવાદ માગ્યો, ખાજા સાહેબે તે મનપાને યાદ દેવરાવ્યુ, તારા ગઢ ઉપર બાદશાહ મુઇઝુદ્દીનનો ખિતાબ આપ્યો.

ખાજા સાહેબની નિપુણતા એ હતી કે જ્યારે કોઇ તેમના દરશન કરતો કે તરતજ કલમો પઢીને મુસલમાન થઇ જતો, હિંદુસ્તાનના જુના રહેવાસી રાજપુત વિગેરેને ખાજા સાહેબે ઇસલામમાં આણ્યા છે. ત્યારપછી બીજા ઓલીઆ ખાજા સાહેબના ખાનદાનના હિંદમાં પસરાઇ ગયા ને લોકોને ખરો સુમતિ માગ્ગ દેખાડયો, ખાજા કુતબુદ્દીન બાબા શેખ ફરીદ શકરગજે અગણીત લોકોને ઇસલામમાં કરામતો દેખાડીને દાખલ કર્યા છે.

ગ્રહસ્થાધર્મ.

સૈયદ હુસેન મશહદી અજમેરના દારોગાના કાકા સૈયદ વજી હુદ્દીનની એક કન્યા હતી જે ઘણી ધર્મી અને નેક હતી, તેને પરણાવવાને યોગ્ય પુરૂષ જણાતો નોહોતો, એક રાત્રે ઇમામ જાફરે સાદિકે કહ્યુ કે એ કન્યાને ખાજા સાહેબને આપ તેથી ખાજા સાહેબ ગ્રહસ્થ થયા.

ખાજા માહેબની બે ધણીઆણીઓ હતી એક સૈયદ વજીહુદ્દીનની દીકરી બીબી અસમત બીજી બીબી અમતુલ્લા અજમેરના રાજાની કુવરી, રાજાએ ખુશીની સાથે ખાજાને આપેલી

બીબી અસમતથી ત્રણ પુત્ર જન્મ્યા, સૈયદ અબુ સઇયદ, હિસામુદ્દીન, સૈયદ ફખરૂદ્દીને બીબી અમતુલ્લાથી બીબી હાફિજ જમાલ જન્મ પામ્યા.

સૈયદ અબુસઇદ બાળપણામા ગુજરી ગયા, સૈયદ હિસામુદીન ફકીર થઇ ગયા ને સૈયદ ફખરૂદ્દીનથી વંશ રહયુ, ને ગાદી તેમના વશજોમા ચાલતી આવે છે. ફતેપુર ઝુઝનુ, અને આગરામા શેખ ફખરૂદ્દીનની અવલાદ છે.

કરામતો મડદાનું સજીવન થવું.

એક મડદાનું સજીવન થવું—સરૂલ અકતાબમાં લખેછેકે એક દિવસ એક બાઇ પોકાર કરતી આવી કે હે સાહેબ શહેરના હાકમે મારા દીકરા ઉપર જુલમ ગુજારીને મારી નાખ્યો છે, તે વખત વઝુમાં હતા તેથી કહ્યું કે ફરી કહે, એટલે તેણીએ ફરીથી કહ્યું, આ સાંભળી હાથમાં લાકડી લઇ તેની સાથે ગયા શહેરના ઘણાખરા લોકો પુઠે ગયા, તેના મડદાની પાસે પોહોચી ગયા, ને ઘણી વાર સુધી તેની ભણી જોતા રહ્યા, તે પછી તેનુ માથુ તેના ધડથી જોડી દઇને બોલ્યા, કે જોતું નિરદોશ મરાયો હોય તો ખુદા તઆલાના હુકમથી ઉભો થઇજા અને પોતાની લાકડી તેના શરીર ઉપર મુકી, તેણે તરતજ કલમો પઢયો, ખાજાએ તેને તેની માને હવાલે કર્યો

પગરખાંથી અગનિ ઓળવાઇ ગઇ.

શામ દેશના સાત ભકતો અગની પુજક હતા ને ઘણા તપસી છ મહીના પછી થોડુક ખાતા હતા, લોકો તેમને દેવતા ગણતા હતા. એક દિવસ ખાજા સાહેબને મળવા આવ્યા, ખાજા સાહેબને જોતાજ ધરૂજવા લાગ્યા, પાસે આવીને પગ ચુબન કર્યુ ખાજાએ કહ્યુ કે તમે અગની પુજા કેમ કરોછો, તેમણે કહ્યુ કે અમને અગનીની ઘણી બીક છે તેથી પુજીએ છીએ ખાજાએ કહ્યુકે માલીકના હુકમવિના અગનીની શી મગદુર કે કોઇને બાળી શકે તે લોકોએ કહ્યુ કે આપ ભાકત કરો છો તો શુ આપને નર્ક અગની નહો બાળે, ખાજાએ કહ્યું કે અગની મુઇનુદીનના જુતાને પણ બાળી શકતી નથી એમ કહી

બેઉ પગરખા આગમાં નાખી દીધા, જોડા બળવા તો શાના પણ ઉના એ થયા નહી, ને ગેબથી આ સાદ સંભળાયો. તે બધા લોકોના કાને પડયો, આગની શી મગદુર કે અમારા દોસ્તના પગરખાને બાળે, આ જોઇ તે સાતે જણ મુસલમાનથઇ ખાજાની સેવામાં રહીઅવલીયા બની ગયા.

જીનાત સેવક ને ખલીફા.

ખાજા સાહેબની સાથે હારૂનની અવલાદના પંદર જીનો આવેલા હતા, આ પંદર જીનો ખાજા સાહેબના ગુરૂ ભાઇ હતા તા-૧૭ મોહરમ ને સને ૫૯૧ હિજરી શુકરવાર નમાઝ પેહેલાં તે પંદર મુરતીઓને ખીલાફત આપી (સેવક બનાવવાની સત્તા) બીજા ૨૧ જીનાતોને ૧૭ રમઝાન ૬૧૭ હિજરીને દહાડે ખલીફા બનાવ્યા. આ જીન ખલીફાઓ હાલ જીવે છે. કેટલાક પરોણાની સેવા કરેછે ને કેટલાક વાસીદુ વાળે છે તેમના સરદારનુ નામ મુહમ્મદ તબક ફતેઓ અજમેરના વાબ્ય ખોણાના પર્વતોમાં રહે છે. ઘણી વેળાએ ભકિત ભુષણુ વાળા લોકોને મળે છે,

આ સંસારનો ત્યાગ.

ખાજા સાહેબે આદેહીનો ત્યાગ ૯૭ સત્તાણું વર્શનુ આયુશ ભોગવીને કર્યું તે તારીખ ૬ રજબ માસ સને ૬૩૩ હિજરી હતી.

સેરૂલ અકતાબ—ખઝીનતુલ અસફીઆ—આઇના—તસવવુફ લખેછેકે તારીખ ૬ રજબ સોમવારે સને ૬૩૩ ને દહાડે અડધી રાત ગયા પછી ખાજા સાહેબે આદુન્યાનો ત્યાગ કર્યો, ઇશાંની નમાઝ પછી તેમણે પોતાના ઓરડાનુ બારણું બંધ કરી લીધુ, ને કોઇને આવવાની રજા નઆપી, આખી રાત તેમના પગોનો ધમકારો સંભાળાતો રહ્યો (જેમકે પ્રેમના ઉભરામાં કુદતા હોય, છેલીરાતે તે

ધમકારો બંધ પડી ગયો, વહાણાની નમાઝ પેહેલાં સેવકોએ ધાંટા પાડયા પણ બારણું ઉઘાડયુ નહી, છેવટે કમાડ ઉતારી ને જોયુ તો દેહીનો ત્યાગ કરેલો જણાયો, તેજ રાતે ઘણા વલી લોકોના જોવામા આવ્યુ કે હઝરત પેગમબર સાહેબ અજમેરમા પધાર્યાછે, ને પુછતા ફરમાવ્યું કે અમે મુઇનુદ્દીનને લેવાને આવ્યા છીએ.

દેહી છોડયા પછી કપાળે આલેખ દર્શ થયા, હબીબુલ્લામાતા ફીહુબ્બિલ્લા, અલ્લાનો દોસ્ત અલ્લાની મોહબ્બતમા ગુજરી ગયો.

અકબર અને અજમેર.

જહાંગીરી ઇકબાલનામા ઉપરથી જહાગીરનુ ઉપનામ સલીમ શાથી પડયુ તે અમ આ પ્રમાણે ટાંકીએ છીએ. જલાલુદ્દીન અકબરને પેટે પુત્ર નોહોતો, ને તેને આ વિષે ઘણો કળાપો હતો રાત દિવસ આ વિચારમા તે દુ:ખ પામતા હતા ને વારવાર કહેતો કે કોઇ એવો મહા પુરૂષ વલી મળે કે જેના આશિરવાદે મારી આશા પુરી થાય, એક દિવસે કોઇ શુભેચ્છકે અરજ કરી કે ખાજા પીરની દરગાહમા એક દેવતાઇ પુરૂષ છે જો તે આશિરવાદ દે તો નકકી ફળે બાદશાહે તરતજ એક ગૃહસ્થને તેમની સેવામા મોકલ્યો, તેણે ખાજા સાહેબના દર્શન કરી તે મહા પુરૂષને બાદશાહના તરફથી વિનતિ કરી, તેમણે આશિર્વાદ દઇ કહ્યુ કે તમે જાઓ અને બાદશાહને વધામણી દો કે હવે પછીનો બાળક પુરી ઉમ્મર ભોગવશે, તે રસ્તેજ હતો કે જયપુરવાળી અકબરની બેગમ ગર્ભવંતી થઇ, ને નવ મહીના પછી રબી પેહલા સને ૯૭૭ હીજરીને દહાડે જહાગીર જનમ્યો, બાદશાહને ઘણો હર્ષ થયો, ને શાબાન માસે શુકરવારે અજમેર ભણી પગે ચાલી આવવાને નિકળ્યો દરરોજ દશ દશ બાર બાર ગાઉ ચાલી મોટા ખાજા ગરીબ નવાજના ઉમરા

ઉપર મસ્તક મુકી દીધુ—શેખ સલીમ ચિસ્તી સાહેબના નામ ઉપરથી નવા જનમેલા બાળકનું નામ સલીમ પાડયુ.

ચિતોડની ચઢાઇ વખતે અકબરે માનતા માનેલી હતી કે ફતે મેળવ્યા પછી પગે ચાલી અજમેર જઇને એક માટી દેગ ચઢાવીશ. તેથી જય પામી ખરેખરા તાપને રેતીના મેદાનોને પગે ચાલી કાપીને ૯૮૬ રમઝાનની ૧૭ મી તારીખે અજમેરમા દાખલ થયો, ને મોટી દેગ ભેટ કરી, ચોથી વખત મુરાદ જનમ્યો ત્યારે અકબર શીકાર કરતો અજમેર આવ્યો ને કોટ બાધવાનો હુકમ કર્યો ૯૭૬ હિજરી.

જહાંગીર ને અજમેર.

હાલ જયા કબર આસપાસ ચાંદીનો કટેરો છે, ને જગ્યાએ સોનાનો કટેરો હતો ને તે જહાંગીર બાદશાહે ચઢાવેલો તુઝેક જહાગીરીમા જહાગીર પોતે આ પ્રમાણે લખે છે, કે સને ૧૦૨૫મા મારી આશાઓ પુરી થઇ તે વખતે એક લાખ દશહજાર રૂપીઆની લાગતનો એક કટેરો મે દરગાહમાં ભેટ કયો. આ સોનેરી કટેરો ૪૨૯૬૧ તોલા ને ૯ માસાનો છે ને ચાદીનો કટેરો રાજા જયસિગ જયપુરવાળાએ ભેટ કરેલો.

શાહજહાં ને અજમેર.

શાહજહા ઉદેપુર ઉપર ફતેહ મેળવીને અજમેર આવ્યો ને આરસપહાનની મસીત બનાવરાવવાનો ઠરાવ કર્યો.

મીર ઉસ્માનઅલીખાન ને અજમેર.

દક્ષિણના બાદશાહ હેદરાબાદના હાકેમ નવાબ મીર ઉસમાન અલીખાન સાહેબ બહાદુર હાલના રાજ કર્તાએ નગારખાનું બુનદ દરવાજાથી ઉંચુ બનવરાવ્યુ છે. તેમજ એક મોટો મદરસો સ્થાપ્યો છે જેમાં ૧૨૦૦ રૂપીઆના પુસ્તકો વિધાર્થીઓને વાસ્તે તૈયાર

રહે છે, ને મેહનતુ હુશીઆર વિદ્યાર્થીઓને સારી સ્કોલરશિપ મળે છે.

સરઆસમાનજાહે—દળવાદળ તંબુ તણાતું ત્યાં આગળ સમા-ખાનું ભજન સ્થાન કરાવ્યુ છે.

હૈદરાબાદ સરકારમાંથી સાંજનું લંગર (અન્નદાન) થાય છે. મુજાવરોને વર્ષાસન વહેચાય છે, તેમજ ગાદીની ભેટ ગાદી વાળાને અપાય છે, લોકો કિમત કરે છે કે ચાલીશ હજારની એક ચાદર સમયાણુા દાખલ સરકાર મીર ઉસમાન અલીખાએ ભેટ કરી છે, ઝાલરાને ઉંડો કર્યો છે એટલે પાણીની તંગી મટી છે.

માંડવગઢવાળા ખીલજીઓ અને અજમેર.

તારીખા ફિરસ્તા ઉપરથી માલુમ પડે છે કે જ્યાં સંદલ ઘસાય છે તે જગ્યા ખાજા સાહેબની ભક્તિની હતી, સને ૮૫૯ માં હાડ-ટીના લોકોએ સુલતાન ખિલજીને અરજ કરી કે હિંદમાં ઇસલામનો પ્રકાશ અજમેરથી ફેલાયો ને તે જગ્યા હિંદુઓના કબજામા છે તે ઉપરથી સુલતાને ચઢાઇ કરી ને અજમેર આવ્યો, રાણુા ખંભાની તરફથી ગજાધર નામનો અધિકારી હતો પાંચ દહાડામાં લડવાને તૈયાર થયો તેમા ગજાધર હાર્યો ઘણુા માણુસો મરાયા ને સુલતાન જય પામી કિલ્લા ઉપર ચઢયો, ને મસીત તેણે બંધાવી છે.

બહાદુરશાહ ગુજરાતી અને અજમેર.

બહાદુરશાહ જ્યારે બહાદુરખાન હતો ને ફટૈયો બની રખડતો હતો ત્યારે ઉપલી મસીત આગળ મંદીર બનાવેલુ હતું, તે બહાદુર શાહને સારૂ નહી લાગ્યું માનતા માની કે હુ સુલતાન થાઉ તો ઉદેપુર ઉજાડ કરીને આ મંદીરને દુર કરૂં. તે સુલતાન થયો ઉદેપુર ચિતોડ જીત્યા પછી અજમેરમા તે મસીત બંધાવી.